RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 235* Date: 15.06.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઉત્તર ગુજરાતમાં ૧૬-૧૭ જૂને ભારેથી અતિ ભારે વરસાદની આગાહી



જેમ જેમ બિપરજોય વાવાઝોડું નજીક આવતું જઈ રહ્યું છે તેમ તેમ દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સરેરાશ ૧ ઈંચ વરસ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ખંભાળીયામાં તો સૌથી વધુ ૫ ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. ભારતના હવામાન વિભાગ દ્વારા હજુ ભારે વરસાદની આગાહી કરાઈ છે. આ સાથે આગામી ૧૬-૧૭ જૂને ઉત્તર ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. ગુજરાતના તાલુકાઓ અનુસાર વરસાદની વિગતો પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૯ તાલુકામાં તો એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. સૌથી વધુ ખંભાળીયા તાલુકામાં ૫ ઈંચ વરસાદ પડ્યો હતો. બીજી બાજુ દ્વારકા તાલુકામાં ૪, કલ્યાણપુરમાં ૩ ઈંચ વરસાદ પડ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં ઉપલેટાના જામજોધપુરમાં પોણા ત્રણ ઈંચ, મેંદરડામાં અઢી ઈંચ, જૂનાગઢ તાલુકામાં અઢી ઈંચ, પોરબંદર, વંથલી અને કચ્છના માંડવીમાં બે-બે ઈંચ, સાવરકુંડલા, ભાણવડ, જૂનાગઢ શહેરમાં પોણા બે ઈંચ, ખાંભા, લાલપુર, ધોરાજીમાં પોણા બે ઈંચ, માળીયા હાટીના, ભેંસાણમાં દોઢ દોઢ ઈંચ, તાલાલા, વિસાવદરમાં દોઢ દોઢ ઈંચ, જામકંડોરણા, વેરાવળ, કેશોદમાં દોઢ દોઢ ઈંચ, ગીર ગઢડા, કુતિયાણામાં સવા ઈંચ, રાણાવાવ, રાજુલામાં સવા તથા અબડાસા, જામનગર, ગોંડલમાં એક એક ઈંચ વરસાદ વરસ્યો હતો. જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી બિપરજોય વાવાઝોડાની અસર જોવા મળી રહી છે, તેમજ ભારે પવનની સાથે વરસાદ પણ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામનગર જિલ્લાના ગ્રામ્ય પંથકમાં વરસાદ પડ્યો હતો. જેમા જામજોધપુર, જોડિયા, કાલાવડ અને લાલપુરમાં અડધાથી અઢી ઈંચ જેટલો વરસાદ પડ્યો છે તેમજ જિલ્લાના કાલાવડમાં ૨૪ મી.મી. જામજોધપુરમાં ૬૫ મી.મી,. જોડિયામાં ૪ મી.મી. ધ્રોળ માં ૧૭ મી.મી. અને લાલપુરમાં ૪૨ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે હજુ પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જામનગર શહેરમાં ગઈકાલે બપોર પછી હવામાનમાં પલટો આવ્યા બાદ આજે બપોર સુધીમાં ૨૪ કલાક દરમિયાન વધુ ૨૦ મી.મી. વરસાદ પડી ગયો હોવાના અહેવાલો મળ્યા છે. જોકે આજે સવારે ઉઘાડ નીકળી ગયો છે. પરંતુ જિલ્લામાં પવનની તીવ્રતા યથાવત રહી છે.હાલારના બન્ને જિલ્લાઓ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાવાઝોડાની અસર રવિવારથી જોવા મળી હતી, અને બન્ને જિલ્લાના ૩૭૫ ગામોમાં તોફાની વંટોળીયા સાથેના પવનને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. ૩૪૧ ગામમાં વીજ પુરવઠો કાર્યરત થઈ ગયો છે, જ્યારે ૩૪ ગામોમાં સમારકામની પ્રક્રિયા ચાલી રહી છે. ૪ દિવસ દરમિયાન કુલ ૬૧૨ વિજ થાંભલાઓ પડી ગયા છે, જ્યારે ૧૯ વિજ ટ્રાન્સફોર્મર જમીન દોસ્ત થયા છે જેના કારણે વિજ તંત્રને ૧ કરોડ ૨૩ લાખની નુકસાની થઈ છે. બંને જિલ્લામાં ૬૩૨ વિજ ફીડરો ઈફેક્ટેડ થયા હતા, જે પૈકી ૩૦૪ કાર્યરત થઈ ગયા છે, જ્યારે ૩૨૮ ફીડરમાં સમારકામની પ્રક્રિયાઓ ચાલી રહી છે.

## નીટ ઑલ ઈન્ડિયા ટોપ ૫૦ રેન્કમાં ગુજરાતમાંથી ત્રણ વિદ્યાર્થી ઝળક્યા



એનટીએએ મેમાં લીધેલી યુજી નીટ ૨૦૨૩નું પરિણામ મંગળવારે રાત્રે જાહેર કરાયું હતું. ગુજરાતમાંથી યુજી નીટના નોંધાયેલા ૭૯,૦૪૦માંથી ૭૩,૧૮૦ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જે પૈકી ૪૯,૯૧૫ વિદ્યાર્થી ક્વોલિફાય થયા હોવાનું ગુજરાતમાં મેડિકલ શિક્ષણ ક્ષેત્રના તજજ્ઞ ડૉ. ઉમેશ ગુર્જરે જણાવ્યું હતું.આ પરિણામની સમીક્ષા કરતા તેમણે જણાવ્યું કે,'યુજી નીટ ૨૦૨૨ના પરિણામની તુલનામાં યુજી નીટ ૨૦૨૩ના પરિણામમાં આશરે ૧૫% જેટલા વધુ વિદ્યાર્થીએ ક્વૉલિફાઈંગ માર્ક્સ મેળવ્યા છે. ટોપ ૫૦માં ૧૮મો રેન્ક દેવ ભાટિયાએ, ૩૦મો રેન્ક નીલ લાઠિયાએ અને ૪૭મો રેન્ક બાદલ તન્નાએ મેળવ્યો છે. દેશભરમાંથી ૨૦,૮૭,૪૬૨ વિદ્યાર્થીએ યુજી નીટ આપી હતી, જેમાંથી ૧૧,૪૫,૯૭૬ વિદ્યાર્થી ક્વૉલિફાય થયા છે. ગુજરાતમાંથી ૮૦,૦૦૦ વિદ્યાર્થીએ યુજી નીટ આપી હતી. ગત વર્ષની તુલનાએ આ વર્ષે ગુજરાતના ક્વૉલિફાઈંગ વિદ્યાર્થીની ટકાવારી પણ ૧૫% જેટલી વધુ છે. આશરે ૬૦ ટકા વિદ્યાર્થી યુજી નીટ માટે ક્વૉલિફાય થયાનો હોવાનું મેડિકલ શિક્ષણના સૂત્રોએ જણાવ્યું હતું.આ વર્ષે પણ નીટ હાઈ સ્કોરિંગ રહી. આ વર્ષે કેટલીક કોલેજ અને બેઠકો વધી છે. સામાન્ય શ્રેણી માટે એમબીબીએસમાં ૫૦૦₹ અને બીડીએસમાં ૪૫૦₹ રહેવાની શક્યતા છે. એઈમ્સના કટઑફ ૬૨૦થી ૬૫૦ વચ્ચે રહી શકે છે. ટોપર્સનો સ્કોર આવ્યા પછી આ વર્ષે એઈમ્સ દિલ્હી માટેસ્પર્ધામુશ્કેલ રહેશે.

## મણિપુરના ઈમ્ફાલમાં મોડી રાતે ફરી હિંસા ભડકી, તાબડતોબ ગોળીબારમાં ૯ લોકોનાં મોત, ૧૦ ઘવાયા

મણિપુરમાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. દોઢ મહિના પછી પણ પરિસ્થિતિ સુધરી રહી નથી. રાજયમાં રાજધાની ઈમ્ફાલમાં મંગળવારે મોડી રાત્રે ફરી હિંસા ફાટી નીકળી હતી. હિંસા દરમિયાન જબરદસ્ત ગોળીબાર થયાના અહેવાલ મળ્યા છે. આ દરમિયાન ગોળી વાગવાથી ૯ લોકોના મોત થયા હતા. આ સિવાય ૧૦ લોકોના ઘાયલ થયાની માહિતી મળી છે. પીડિતોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.એસપીના શિવકાંત સિંહે જણાવ્યું કે રાજધાની ઈમ્ફાલમાં ગઈકાલે રાત્રે લગભગ ૧૦ વાગ્યે ગોળીબાર થયો હતો. લાંબા



સમય સુધી ગોળીબારની ઘટનામાં નવ લોકોના મોત થયા છે. આ સાથે ૧૦ લોકો ઘાયલ પણ થયા છે.અગાઉ, મણિપુરમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનના ભાગરૂપે ૧,૦૪૦ હથિયારો મળી આવ્યા હતા. આ હથિયારો ભૂતકાળમાં અલગ-અલગ જગ્યાએથી બદમાશો દ્વારા લૂંટવામાં આવ્યા હતા.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૦ હજાર લોકોનું સ્થળાંતર કરાયું

'બિપરજોય' ચક્રવાતની સ્થિતિ અને તીવ્રતામાં કોઇ ખાસ ફર્ક મંગળવાર દરમ્યાન આવ્યો નથી. કંડલા પોર્ટ સંલગ્ન તજજ્ઞોના જણાવ્યાનુસાર ચક્રવાત ઉતર દિશામાંજ સીધી લીટીએ આગળ વધી રહ્યો છે, જે આજે કચ્છ તરફનો હળવો ટર્ન લઈ શકે છે. આજથી ત્રણ દિવસ ઉચાટભર્યા રહેશે. જયારે કચ્છમાં આજે આફતનો સામનો થવાની સંભાવના છે.સાવચેતી રૂપ સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૦ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં સાવચેતીના પગલાં તરીકે પહેલીવાર ગિરનાર-દાતારની સિડી બંધ કરવામાં આવી છે, તો બનાસકાંઠામાં રણમાં જવા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. વાવાઝોડાની અસરથી પોરબંદર ચોપાટી પર માણસો પણ ઉપાડી ન શકે તેના મોટા-મોટા પથ્થરો તણાઇ આવ્યા હતા.દ્વારકામાં દૂરદર્શનનો



૯૦મીટર ઊંચો ક્ષતિગ્રસ્ત ટાવર તોડી પાડવામાં આવ્યો. અમરેલીમાં શિયાળ બેટખાતે સગર્ભા મહિલા અને બાળકો માટે દૂધ, બટાકાની કીટ મોકલાઈ, પાટણમાં ૧૮૫ સગર્ભા મહિલાઓની યાદી બનાવી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. અરબસમુદ્રમાં ગત સપ્તાહે ડિપ્રેશનમાંથી અતિગંભીર ચક્રવાતમાં પલટાઈ ગયેલા અને ઉતર દિશામાં આગળ વધી રહેલા ચક્રવાતે મંગળવારે પણ ૮ કિમી પ્રતિકલાક જેટલી ગતિએ સીધી લીટીએ ઉતરની દિશા પકડી રાખી હતી.વિશેષજ્ઞોના આકલન અનુસાર આજે એટલે કે ૧૪મીની સવારે તે ઉતર ઉતર પશ્ચિમી દિશા તરફ હલ્કો વળીને ફરી આજ દિવસે ઉતર ઉતર પુર્વીય દિશા, એટલે કે ગલ્ફ ઓફ કચ્છ અને કરાંચી થી જખૌ વચ્ચેના પટ્ટા તરફ આગળ વધશે.

## કોલવડાના હત્યાના ગુનામાં ઝડપાયેલા જમાદારના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડામાં દસ મહિના અગાઉ આધેડની છરી અને રિવોલ્વરની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. જે ગુનામાં કોલવડાના જમાદાર ઉર્ફે ઘનશ્યામસિંહની ગઈકાલે પેથાપુર પોલીસ ધરપકડ કરી લીધા બાદ આજે તેને કોર્ટમાં રજૂ કરતા ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જો કે કોર્ટે આરોપી જમાદારના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.ગાંધીનગર શહેર નજીક આવેલા કોલવડા ગામમાં રહેતા દિલીપસિંહ ભવાનજી વાઘેલાની ગત ૧૪ ઓગસ્ટના રોજ ગોળી અને છરી મારીને હત્યા કરવામાં આવી હતી.

## મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ વચ્ચેના વિવાદની ચર્ચા

મહારાષ્ટ્રમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા, ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) એક જાહેરાતને લઈને સામસામે છે. વાસ્તવમાં શિંદે જૂથની શિવસેનાએ મંગળવારે અખબારોમાં એક જાહેરાત પ્રકાશિત કરી હતી જેમાં સીએમ એકનાથ શિંદેને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ કરતાં વધુ લોકપ્રિય હોવાનું કહેવાય છે.આ જાહેરાત બાદ ભાજપની નારાજગીનો મુદ્દો સામે આવ્યો હતો. એવી પણ ચર્ચા છે કે



### જાહેરાતમાં C Mને ડેપ્યુટી CM કરતાં વધુ લોકપ્રિય કહેવામાં આવ્યા; જ્યારે વિવાદ વધ્યો ત્યારે નવી જાહેરાત બહાર પાડવામાં આવી

સીએમ શિંદે અને ડેપ્યુટી સીએમ ફડણવીસે એકબીજાના કાર્યક્રમોથી પોતાને દૂર રાખ્યા છે. વધતા વિવાદને જોતા મહારાષ્ટ્ર સરકાર દ્વારા બુધવારે એક નવી જાહેરાત બહાર પાડવામાં આવી હતી, જેમાં ભાજપ-શિવસેના ગઠબંધન સરકારને લોકોની પહેલી પસંદ ગણાવવામાં આવી હતીશિવસેના (શિંદે) એ મંગળવારે મુંબઈના અખબારોમાં મોટી જાહેરાતો પ્રકાશિત કરીને દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ભાજપના નેતા અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કરતાં વધુ લોકપ્રિય છે.

એક સર્વેને ટાંકીને એવો દાવો કરવામાં આવ્યો છે કે મહારાષ્ટ્રના ૨૬.૧% લોકો એકનાથ શિંદેને જોવા ઈચ્છે છે અને માત્ર ૨૩.૨% લોકો દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા ઈચ્છે છે.જાહેરાતમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે મહારાષ્ટ્રના ૩૦.૨% લોકો ભાજપને જોવા માગે છે અને ૧૬.૨% શિવસેના (શિંદે)ને મહારાષ્ટ્રની સરકારમાં ફરીથી જોવા માગે છે.આટલું જ નહીં, આ જાહેરાતમાં બીજેપીના પ્રસિદ્ધ જુના સ્લોગન 'દિલ્હીમાં નરેન્દ્ર, મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર'ના સ્થાને મોદી અને શિંદેના મોટા ફોટોગ્રાફ્સ સાથે 'રાષ્ટ્રમાં મોદી, મહારાષ્ટ્રમાં શિંદે' નવા સ્લોગન સાથે લગાવવામાં આવ્યા છે.

તંત્રી લેખ......

# ધર્મસ્થાનો અને સરકાર

હાલમાં જ મદ્રાસ હાઈકોર્ટે આદેશ આપ્યો કે સરકાર મંદિરોના હિતોની અવગણના કરીને તેની જમીનનો ઉપયોગ ન કરી શકે. આ આદેશ અંગ્રેજોએ બનાવેલા એ કાયદાના દુરુપયોગની યાદ અપાવનારો છે, જે અંતર્ગત હિંદુના ધર્મસ્થળોનું સંચાલન સરકારો કરે છે. વાસ્તવમાં આ સંચાલનના નામે મંદિરો પર સરકારોનો કબ્જો છે. દેશનાં મોટાભાગનાં મોટાં મંદિરોનું સંચાલન સરકારો દ્વારા કરવામાં આવે છે, જે અનૈતિક અને અનુચિત છે, કારણ કે અન્ય ધર્મસ્થાનો જેમ કે મસ્જિદો કે ચર્ચોના સંચાલનમાં સરકારોની કોઈ ભૂમિકા નથી. મંદિરોનું સંચાલન સરકારો દ્વારા કરવું અને અન્ય સમુદાયોના ધર્મસ્થળોનું સંચાલન સંબંધિત સમુદાયો દ્વારા કરવું તે એક દેશ-બે વિધાનની સ્થિતિ દર્શાવે છે, એટલું જ નહીં, તે એ પણ દર્શાવે છે કે સેક્યુલરિઝમના નામે કઈ રીતે ભેદભાવ કરતા કાયદા બની ગયા છે. એ ઠીક છે કે મંદિરો પર સરકારી કબ્જાવાળા કાયદા અંગ્રેજોએ બનાવ્યા હતા, પરંતુ સ્વતંત્ર ભારતમાં પણ તે કાયદા ચાલુ રાખવાનું શું ઔચિત્ય છે, જે દેખીતી રીતે જ ભેદભાવ દર્શાવતા હોય? આખરે ધર્મસ્થળોના સંચાલન મામલે જેવા અધિકાર અન્ય સમુદાયોને મળ્યા છે, એવા જ હિંદુ સમુદાયને કેમ ન મળવા જોઈએ અને તે પણ ત્યારે, જ્યારે સાધુ-સંતો પોતાના ધર્મસ્થળોનું સંચાલન પોતે જ કરવાની માંગ કરી રહ્યા હોય? આ કેવું સેક્યુલરિઝમ છે, જેના દાયરામાં માત્ર હિંદુઓનાં મંદિરો જ આવે છે?

# એક ઓછા ચમકેલા ઓલરાઉન્ડર ગીતકાર પ્રેમ ધવન

પંજાબના અંબાલામાં ૧૩/૬/૧૯૨૩ ના રોજ જન્મેલા પ્રેમ ધવન જયારે લાહોર કોલેજમાં ભણતા હતા તે વખતે તેમના કોલેજના મિત્રોમાં ગીતકાર સાહિર અને આઈ. કે. ગુજરાલનો સમાવેશ થતો હતો. ઈન્દરકુમાર ગુજરાલ પાછળથી આપણા ભારત દેશના વડાપ્રધાન પણ બન્યા હતા સાહિર તો કોઈ ઓળખના મોહતાજ નથી સાહિર તો સાહિર જ છે. ત્રણેય મિત્રોએ મળીને રાજકારણ અને કોલેજમાં કોલેજ યુનિયનની પ્રવુતિઓમાં સક્રિય રસ લીધો. પ્રેમ ધવનએ સ્વતંત્રતા સઁગ્રામ અને જુસ્સો વિકસાવ્યા જે પાછળથી તેમને દેશભક્તિ ગીતો લખવા તરફ દોરી ગયો.



પ્રેમધવન શો પ્રથમ ૧૯૪૬ માં આવેલી પગદંડી ફિલ્મ વખતે જાણીતા સંગીત નિર્દેશક ખુરસીદ અનવરના સહાયક તરીકે જોડાયા. પ્રેમ ધવનએ સ્વતંત્ર ગીતકાર તરીકે ૧૯૪૮ માં આવેલી જિદ્દી ફિલ્મથી શરૂઆત કરી હતી

મનોજકુમારના બહુ આગ્રહને વશ થઈ પ્રેમ ધવન શહીદ ફિલ્મથી સંગીત નિર્દેશક બન્યા જેમાં પ્રેમ ધવનએ પોતે લખેલા ગીત માટે ઉત્તમ જોરદાર સંગીત આપ્યું. એ વતન એ વતન તુજ કો મેરી કસમ મેરા રંગ દે બસંતી ચોલા જેવા કર્ણપ્રિય ગીતો આપ્યા.

પ્રેમ ધવનએ બી. આર. ચોપરાની સફળ ફિલ્મ નયા દોર ના ગીત ઉડે જબ જબ ઝુલ્ફે તેરી બિમલ રોયની દો બિઘા જમીન ૧૯૫૦ ની આરઝૂ રાજેન્દ્રકુમાર સાધનાની ધૂલ કા ફૂલ ગુંજ ઉઠી શહેનાઈ અને વકત ફિલ્મ માટે કોરિયોગ્રાફી પણ કરી છે ફિલ્મ દો બિઘા જમીનમાં પ્રેમ ધવનએ અભિનય પણ કર્યો છે. પ્રેમ ધવન ગીતકાર સંગીતકાર અભિનેતા અને નૃત્ય નિર્દેશક હતાં. સંગીતકાર અનિલ બિશ્વાશ મદનમોહન સલીલ ચૌધરી અને ચિત્ર ગુપ્ત સાથે પ્રેમ ધવનને સારી મિત્રતા હતી. કમલ હસનની અપ્પુ રાજા ગીતકાર તરીકેની પ્રેમ ધવનની છેલ્લી ફિલ્મ હતી. ભારત સરકારે પ્રેમ ધવનને પદમશ્રી થી નવાજ્યા હતા

પ્રેમ ધવનની સૌથી મોટી સિદ્ધિ કાબુલીવાલા ફિલ્મનું અમર દેશભક્તિ ગીત છે એ મેરે પ્યારે વતન એ મેરે બીછડે ચમન છે

તમેં જયારે પણ આ ગીત સાંભળો તમારી રગોમાં દેશભક્તિ નું લોહી તરત જ ફરતું થઈ જાય એ ગીતની પક્તિઓ જુવો.

તેરે દામન સે આયે ઉન હવાઓકો સલામ

ચુમલુ મેં ઉસ જુબા કો જીસપે આયે તેરા નામ

આ સીવાય પણ પ્રેમધવનએ

બીજા અનેક યાદગાર ગીતો આપ્યા છે

આ લગ જા ગલે દિલરૂબા

તેરી દુનિયા સે દુર દુર

ગરીબોકી સુનો વો તુમ્હારી સુનેગા

ઉડે જબ જબ ઝુલફે તેરી

એ વતન વતન તુજ કો

મેરા રંગ દે બસંતી ચોલા

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# બ્યુટી વિધાઉટ બ્રટાલિટી' ટ્રસ્ટ (સુરત) દ્વારા પ.પૂ.આ.ભ.શ્રી વિજયકુમુદસુરીશ્વરજી કરૂણા પક્ષીતીર્થ, "બર્ડઝ હોસ્પિટલ" નું નવું સોપાન ''બર્ડસ કેર સેન્ટર' નો શુભારંભ કરાશે

'જીવો અને જીવવા દો' ના સુત્રને સાર્થક કરીને અબોલ જીવોની સારવાર માટે કાર્ય કરતી 'બ્યુટી વિધાઉટ બ્રટાલિટી' ટ્રસ્ટ (સુરત) દ્વારા તા.૧૮,જુન, રવીવારનાં રોજ ૨૨૯, સાયલન્ટ ઝોન, મગદલ્લા એરપોર્ટની સામે, ડુમસ રોડ, ગવીયર, સુરત ખાતે પક્ષીઓને નાની–મોટી ઈજાઓની વધુ સારી અને આધુનીક સારવાર મળી રહે તે માટે દાતાઓના સહયોગથી પ.પૂ.આ.ભ.શ્રી વિજયકુમુદસુરીશ્વરજી કરૂણા પક્ષીતીર્થ, 'બર્ડઝ હોસ્પિટલ' નું નવું સોપાન ''બર્ડસ કેર સેન્ટર' નો શુભારંભ કરાશે. માંગલીક કાર્યક્રમો સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. આચાર્ય ભગવંતોનો પ્રવેશ, સવારે ૭–૩૦ કલાકે નવકારશી, સવારે ૯–૦૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારે ૧૦–૩૦ કલાકે માંગલિક પ્રવચન, સવારે ૧૧–૦૦ કલાકે બર્ડ કેર સેન્ટરનું ઉદઘાટન, બપોરે ૧૨–૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય વિગેરે પ્રસંગો યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૭ વર્ષથી 'બ્યુટી વિધાઉટ બ્રટાલિટી' ટ્રસ્ટ (સુરત) સંસ્થા કાર્યરત છે. સુરત શહેર સ્થિત આ સંસ્થા તાપી નદીના કિનારે આહલાદક કુદરતી નૈસર્ગિક વાતાવરણમાં અબોલ પક્ષીઓ માટે એક સુંદર બર્ડઝ હોસ્પિટલ જે ૨૦૦૭ના મે મહિનાથી કાર્યરત છે કે જે પ.પૂ.આ. ભ. શ્રીમદ વિજય પ્રબોધચંદ્રસુરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ×પ.પૂ. આ.ભ.શ્રી વિજયકુમુદચંદ્રસુરીશ્વરજી કરૂણા પક્ષીતીર્થ'', ×બર્ડઝ હોસ્પિટલ× ના નામે ચાલે છે.આજદિન સુધી આ સંસ્થા દ્વારા ૧,૯૬,૦૨૮ (એક લાખ છનું હજાર અઠ્ઠાવીસ) પક્ષીઓને જરૂર પડયે ઈન્ડોર ફેસેલીટી આપવામાં આવી છે. ટ્રુસ્ટ દ્વારા નવસારી ઉના હાઈવે પર 'પ.પ.આ.ભ.શ્રી યશોવર્મસુરીશ્વરજી મ.સા.' ની પ્રેરણાથી ગુજરાત સરકારના સહયોગથી ×કલરવ પક્ષીનું દવાખાનું'' નવસારી તથા તેની આજુબાજુના વિસ્તારોને આવરી લઈ વિનામુલ્યે સેવા આપી રહયાં છે.

સંસ્થાની વિવિધ પ્રવૃતિઓમાં પ્રતિવર્ષ દાતાઓની સહાય દ્વારા મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન ઘાયલ પક્ષીઓની સારવાર માટે સંસ્થાના કેન્દ્રો ઉપરાંત સુરત, વડોદરા, ભરૂચ તથા નવસારી તથા વિવિધ શહેરો/વિસ્તારોમાં 'ત્રણ દિવસ મેડીકલ કેમ્પ'નું આયોજન તથા પક્ષી બચાવવાના સાધનો અને દવા વિગેરેનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે, યોગ્ય ડોકટરોના નેજા હેઠળ ૩૬૦ થી વધુ પક્ષીઓની તાત્કાલીક માઈનોર સર્જરી કરવામાં આવે છે. પક્ષીઓના રક્ષણ માટે બર્ડ ફિડર, કૃત્રિમ માળા તથા પાણીના કુંડાનું વિતરણ દરેક કેન્દ્ર પરથી કરવામાં આવે છે. પક્ષીઓ માટે વિવિધ સ્થળોએ ચબુતરાનું આયોજન કરવું, પક્ષીઓની ગેરકાનૂની પકડવાની તથા વહેંચવાની પ્રવૃત્તિ સામે સરકારી સંસ્થાઓની સહાયથી કાયદાકીય પગલા લેવા, જીવો અને જીવવા દો' તથા 'પર્યાવરણ બચાવો' જેવા વિષયો ઉપર શાળા/કોલેજો તથા વિવિધ સંસ્થાઓમાં પોસ્ટર એકઝીબીશન તથા વિડીયો શો દ્વારા જન–જાગૃતિ કેળવવી, તેમજ તેના ભાગરૂપે 'જીવો અને જીવવા દો' તથા 'પર્યાવરણ બચાવો' વિષય પર પ્રતિવર્ષ ૨૬ મી જાન્યુઆરીના રોજ જીવન ભારતી સ્કૂલ, સુરત ખાતે આંતરશાળા ચિત્રકામ હરીફાઈનું કામયી ધોરણે આયોજન કરવામાં આવે છે.

પ.પૂ.આ.ભ.શ્રી વિજયમસુરીશ્વરજી કરૂણા પક્ષીતીર્થ', બર્ડઝ હોસ્પિટલ× નું નવું સોપાન બર્ડસ કેર સેન્ટર'નાં પ્રેરણા દાતા પ.પૂ.આ. ભ. શ્રીમદ વિજય પ્રબોધચંદ્રસુરીશ્વરજી મ.સા. તથા મુખ્ય સહયોગી શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ તથા શુભેચ્છક શ્રીમતી જયોત્સનાબેન જયંતીશાહ પરીવાર રહેશે. પ.પૂ.આ. ભ. શ્રીમદ વિજય પ્રબોધચંદ્રસુરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રા તથા મુખ્ય મહેમાનશ્રીઓ હર્ષ સંઘવી (રાજયમંત્રી ગૃહ, ઉદ્યોગ, સંસ્કૃતિ, વાહનવ્યવહાર, સંસ્કૃતિ, વાહનવ્યવહાર, યુવા રમતગમત), મુકેશભાઈ પટેલ (રાજયમંત્રી–વન-પર્યાવરણ), સંદીપભાઈ દેસાઈ (ધારાસભ્યશ્રી), નિરવભાઈ શાહ (પૂર્વ ડે. મેયર, સુરત), નેન્સી શાહ (કોર્પોરેટરશ્રી), કેતનભાઈ મહેતા (કોર્પોરેટરશ્રી) વિગેરે ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રીમતી વિશાખા શરદ કાંટાવાળા (પ્રમુખશ્રી બ્યુટી વિધાઉંટ બુટાલિટી ટ્રસ્ટ, સુરત), ટ્રસ્ટીઓ શ્રીમતી સુચેતા આર. વાસણવાળા, શ્રીમતી નીના એસ. દેસાઈ, નંદકુમાર ગરત, આશીષભાઈ એચ. શાહ (ઉંમરગામ), નિલય એસ. કાંટાવાળા તથા પ્રકૃતિ પ્રોટેકટર ટીમના જીગ્નેશ પટેલ, ઘનશ્યામભાઈ કથીરીયા, હિરેનભાઈ દેસાઈ, સ્મિત દોશી, ડો. અંકિતભાઈ પટેલ, ડો. અંકિતભાઈ રાઠોડ, ડો. પિયુષભાઈ બલદાનીયા અને વ્યવસ્થાપક કમિટીના જૈનમ શાહ, માનવ શાહ, પ્રતિક લાકડાવાળા, શ્રીમતી વંદના કાંટાવાળા, વિરલભાઈ હેકકડ, ચેતનભાઈ શાહ, જૈમીન શાહ, કેતનભાઈ શાહ, ચિરાગભાઈ પટેલ વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે. કાર્યક્રમની અંગેની વિશેષ માહિતી માટે શ્રીમતી વિશાખા એસ. કાંટાવાળા (મો.૯૨૨૮૧ ૧૧૭૦૫), આશીષ એચ. શાહ (મો. ૯૩૭૪૯ ૬૩૭૬૮) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વાવાઝોડા માં સહાય..

ટીમ મોદી સપોર્ટર સંઘ અમદાવાદ જિલ્લા બક્ષીપંચ મોરચો ના અદયક્ષ ભરતભાઈ નાયક ૧૨ સભ્યો ની ટીમ ફુટ પેકેટો પાણી ની બોટલો ચોખા દાળ લોટ બટાટા ડુગળી ના તેમજ પ્રાથમિક આરોગ્ય ની કીટ સાથે માંડવી પાસે ઉમાધામ પહોંચી આસપાસ વિસ્તારમાંથી મહિલાઓ બિમાર ઉંમર લાયક વડીલો બાળકો સહીત ૩૩૦ ને સલામત ખસેડવામાં આવ્યા આજ સવારથી ૧૦૦૦ લોકો ને સલામત ખસેડવામાં આવશે જેમના રહેવા જમવા દવાઓ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે અહી ના દરશયો ભયાવહ છે સલામત સ્થળે રહેતા લોકો ને સરકાર ની ગાઈડ લાઈન મુજબ સમજાય છે તેમજ સ્વયંભૂ કરફ્યુનો અમલ કરવા સમજાવવામાં આવે છે તેમજ મળેલી માહીતી મુજબ આ વાવાઝોડું અસલી રુપ માં લેનડફલો થાય તો તેની અસરો ગંભીર હશે અહી વાવાઝોડું ત્રાટકશે તો કચ્છ સૌરાષ્ટ્ર બનાસકાંઠા પાટણ મહેસાણા ગાંધીનગર સાબરકાંઠા વાપી વલસાડ સુરત અરવલ્લી જિલ્લા મા ભારે પવન સાથે ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે ઉત્તર ગુજરાત ના લોકો ઊઘતા ના ઝડપાય અને સાવચેતી ના પગલાં માટે ટોર્ચ ફાનસ પીવાનું પાણી દવાઓ મોબાઈલ ચાર્જ શાકભાજી લોટ તેલ દૂધ ની સગવડ ઘરમાં રાખવી ફરી એકવાર દાનવીર ગુજરાતી ઓ એ ફુડ પેકેટ કપડાં દવાઓ સુખડી લોટ પેકેટો પાણી ની બોટલો ચોખા દાળ શાકભાજી નુ ઉદાર હાથે મદદ માટે તૈયાર રહેવું પડશે આ તબક્કે સરકાર ભાજપ ના કારયકરો પોલીસ સેના એનડીઆરએફ સેવાભાવી સંગઠન ખૂબજ અસરકારક કામગીરી કરી રહ્યા છે હમ રહે ના રહે યે વતન તુમ્હારે હવાલે સાથી ઓ જયશ્રી રામ ભારત ભાતા કી જય

# કુદરતી આફત, અને માનવ

**આજથી લગભગ અંદાજે ૪૦ વરસ પહેલાના અનુભવની વાત શેર કરુ છુ. કુદરતી આફતો તો પહેલા પણ આવતી પરંતુ, ખોટો હાવ ઉભો કરતા નહી,તેમજ ડરામણી અને નમાલી વાતો કરવાને બદલે સહકાર અને સહયોગ આપતા, એ સમયના માણસોની માનવતા, હિંમત અને દાતારીને યાદ કરાવતા અનેક બનાવો યાદ આવે છે, ગામડા ગામ માં કોઈ એકલ દોકલ પરિવાર હોય એટલે ગામના આગેવાનો એ પરિવારની મુલાકાત લેતા હિંમત અને સાંત્વના આપતા કે મુંજાતા નહી તમે એકલા નથી અમે તમારી સાથે છીએ, રાસનથી રોકડ રકમ સુધીનો સહયોગ મળતો અને પરિવાર ભાવના જોવા મળતી જે કામગીરી અત્યારે માત્રને માત્ર સરકારશ્રી અને સેવાભાવી સંસ્થાઓ કરી રહી છે. સરકારશ્રી અને સેવાભાવી સંસ્થાઓને હજારો વંદન, ખૂબ જ લોક ઉપયોગી કાર્યો કરે છે પરંતુ સ્થાનિક અને બહારથી આવતા સેવાકર્મી ના કામ માં તફાવત એટલો રહે છે સ્થાનિક અને સાચા વ્યક્તિની પરખનો ખ્યાલ નથી હોતી,વર્તમાન સમય એટલો બધો ખરાબ ચાલી રહ્યો છે કે ખરેખર સાચા લોકો સુધી મૂળભૂત જરૂરિયાત પહોંચતી નથી અને મફતિયા, જુઠ્ઠાને લાગવગીયા લાભ ખાટી જાય છે, જરૂરિયાત મંદ અને સીધા સાદા લોકો બિચારા લાચાર બની બધા તમાશા નિહાળ્યા કરે છે. કુદરતી આફતો સામે નાત -જાત, ઉંચ - નીચ ના ભેદભાવ ભૂલી સૌને સાથે રાખીને ચાલવાની એ સમયના વડીલોની પ્રણાલીકાને લાખ લાખ વંદન, વીતી ગયેલા વખતની યાદ તાજી થઈ, આજે પણ એ ગ્રામ્ય સંસ્કૃતિ નજર સમક્ષ તરી આવે છે ગામડામાં આજે ભોળી, સમજદાર,અને હિંમતવાન પ્રજાની સદભાવનાની જ્યોત જલી રહી છે એનો ખૂબ આનંદ છે.,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,**

**રાજેશભાઈ એસ વ્યાસ, મોરબી**

# ગુજરાત સરકાર દ્વારા ૧ કરોડ બાળકો માટે હેલ્થ ચેકઅપ અભિયાનનો પ્રારંભ







ગાંધીનગર, ૧૪ જૂન, ૨૦૨૩:★ ગુજરાત સરકારે ૧૨ જૂન, ૨૦૨૩ થી એટલે કે ૨૦મા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પ્રથમ દિવસથી 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (જીઉઁઈમ્જીદ્ધ) હેઠળ રાજયના બાળકો માટે મફત આરોગ્ય તપાસ અભિયાન શરૂ કર્યુંછે. આ અભિયાન આગામી ૩૦ દિવસ સુધી સઘન રીતે ચલાવવામાં આવશે, જેમાં રાજ્ય સરકારે ૧ કરોડથી વધુ બાળકોની મફત આરોગ્ય તપાસનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યોછે.

SHRBSK એ કેન્દ્ર અને રાજયનો સંયુક્ત કાર્યક્રમ છે, જે અંતર્ગત આંગણવાડીના બાળકો, નવજાતથી ૬ વર્ષ સુધીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જનાર બાળકોની પણ રાજ્ય સરકાર દ્વારા મફત આરોગ્ય તપાસ કરવામાં આવેછે. ઉલ્લેખનીય છેકે ગુજરાત 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (જીઉઁઈમ્જીદ્ધ) ના અમલીકરણમાં સમગ્ર દેશમાં અગ્રણી રાજ્ય છે. ની ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમ બાળકોના આરોગ્યની તપાસ કરશે★

આ ઝુંબેશને સફળ બનાવવા માટે શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (જીઉઁઈમ્જીદ્ધ)ની ૯૯૨ મોબાઈલ હેલ્થ ટીમ (એક મોબાઈલ હેલ્થ ટીમમાં ડોકટરો, ફાર્માસિસ્ટ અને હેલ્થ વર્કરનો સમાવેશ થાય છે) રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે, આ અભિયાન દરમિયાન બીમાર જણાયેલા બાળકોને રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજો સાથે સંલગ્ન હોસ્પિટલો અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો જેવી સરકારી આરોગ્ય સંસ્થાઓમાં મફત સારવાર આપવામાં આવે છે.બાળકોના ઈન્ટેલિજન્સ ડેવલપમેન્ટ અને ન્યુટ્રિશન લેવલની દેખરેખ માટે ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવશે★ગુજરાતની શાળાઓમાં ભણતા બાળકોના બુદ્ધિ-વિકાસ અને પોષણની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે રાજ્ય સરકારે ડિજિટલ હેલ્થ કાર્ડ આપવાનો પણ નિર્ણય કર્યો છે. આ હેલ્થ કાર્ડમાં બાળકોની ઊંચાઈ, એનિમિયાનું સ્તર, પોષણનું સ્તર વગેરેની માહિતી ઉપલબ્ધ થશે. રાજ્ય સરકાર જીઉઁઈમ્જીદ્ધ મોબાઈલ હેલ્થ ટીમ, સામૂહિક આરોગ્ય અધિકારી અને શાળાના નોડલ શિક્ષક સાથે સંકલન કરશે અને આ ડિજિટલ હેલ્થ કાર્ડમાં બાળકોની આરોગ્ય માહિતીને અપડેટ કરશે.

આ ડિજિટલ હેલ્થ કાર્ડ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પણ ઉપલબ્ધ રહેશે. નોંધનીય છે કે શાળાના બાળકોના બુદ્ધિ વિકાસ અને પોષણની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરનાર ગુજરાત દેશનું પ્રથમ અને એકમાત્ર રાજ્ય છે. એટલું જ નહી, આ ઝુંબેશ દરમિયાન, શાળાના નોડલ શિક્ષક અને સામૂહિક આરોગ્ય અધિકારી એકબીજા સાથે સંકલન કરશે અને તમામ વિદ્યાર્થીઓના આભા (છમ્ઉઁછ) આઈડી એટલે કે આયુષ્માન ભારત આરોગ્ય ખાતાને લગતા કાર્યોને સંપાદિત કરશે.

# સીધી લીટી

ભૂમિતિના વર્ગમા જ્યારે સીધી લીટી દોરવાનું કહ્યું હતું, ત્યારે ખૂબ તકલિફ પડી હતી.
બાળપણના એ દિવસો યાદ આવી ગયા. કાયમ લીટી હંમેશા જરા વાંકી દોરાય.
શિક્ષકના હાથ હેઠા પડ્યા. ઘરે જઈને વિચાર્યું, આ કાંઇ અઘરી વાત નથી. આખી
રાત મહેનત કરીને શીખી ગઈ.
જીવનમાં આ ઉંમરે પણ આવું જ કશું છે. ખૂબ સિધા રહેવામાં માલ નથી. ટેઢા થવું ગમતું
નથી. આજે સંજના આવી અને મારી ગોદમાં માથું છુપાવી રડી રહી. તેનું દિલ હળવું થવા
દીધું.
'શું થયું બેટા' ?
'મમ્મી વર્ગમાં છોકરીઓ મારો બધો નાસ્તો ઝુંટવીને ખાઈ જાય છે . '
' અરે એમાં શું મોટી વાત છે. હું તને બે ડબ્બા આપીશ. પહેલાં એ ડબ્બો કાઢજે જે તને ન
ભાવતો હોય. એ સહુ ઝુંટવી લે ત્યારે બીજા ડબ્બામાંથી તારી મનપસંદ વાનગી આરોગજે.'
સંજનાને મમ્મીની વાત ગમી.
સંજના ધીરે ધીરે સમજતી થઈ કે જીંદગીમાં કાઈક મેળવવું હોય, આગળ વધવું હોય તો
'થોડા વાંકા' થવું પડશે.
મા, તું ખૂબ ધીરે ચાલે છે.
જરા જલદી ચાલો ?
મારાથી જલદી નહી ચલાય.
તું જા હું ધીરે ધીરે ઘરે પહોંચીશ.
આ સંવાદ રોજનો હતો. જુવાન સંજના સમજવા માગતી જ નહોતી કે તેની મા. હવે ખૂબ
ઝડપથી ચાલી ન શકે, ઉછળતું લોહી હતી. સિધા ચાલવાની ધમાલમાં ભૂલી ગઈ કે માતાની
અને તેની ઉમરમાં ખાસો ફરક છે !
બાળપણમાં માતાએ તેની પાછળ ખૂબ મહેનત કરી હતી. જેને કારણે આજે તે સિદ્ધી હાંસલ
કરી શકી હતી.
સંજના ઝડપથી ચાલીને ઘરે પહોંચી. માને ખુશ કરવા આવતાની સાથે ચા મૂકી દીધી.
સોહિણી ધીરે ચાલીને ઘરે પહોંચી. ઘરે આવતાની સાથે ચા અને નાસતો તૈયાર જોયા. માને
નાની સંજનાની વાતો યાદ આવતી.
સંજના એ મહેનત કરી એમ. બી. એ. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. પિતાનું અકસ્માતમાં મૃત્યુ
થયું હોવાથી તેને પરણવાની ઉતાવળ ન હતી. એ જો લગ્ન કરીને જાય તો મમ્મીનું કોણ?
સોહામણી સંજનાને પરણવા યુવાનો ઉત્સુક હતા. આજે સંજના સુંદર રીતે તૈયાર થઈ ગઈ
હતી, તેનામાં કૂડ, કપટ કે સ્વાર્થ ન જણાતા. આજે પણ તેની લીટી સીધી અને સમાંતર
હતી.
સુહાસ, તેની આંખોમાં વસ્યો હતો. ખબર પડી કે તે અનાથ છે. સંજનાને કોઈ ફરક પડતો ન
હતો. બન્ને વચ્ચે વાત થાય પછી માને તે જણાવવાની હતી. સોહિણીને ગંધ આવી હતી. રાહ
જોતી હતી કે દીકરી ક્યારે જણાવે છે. એ પહેલા કશું બોલવું ઉચિત ન લાગ્યું.
આજે તૈયાર થઈને સુહાસ સાથે જમવા તાજમાં જવાની હતી. સુહાસ ગાડી લઈ લેવા આવી
પહોંચ્યો. સોહિણીએ બારીમાંથી જોયું. ખબર નહી કેમ તેને સુહાસની ચાલ અને વર્તનમાં
કશું અલગ જણાયું. સુહાસ, સંજના આવી એટલે ગાડીમાંથી બહાર નિકળી સંજનાનો હાથ
પકડ્યો. ગાડીનો દરવાજો ખોલ્યો. સંજના આરામથી અંદર બેઠી. સુહાસ પોતાની જગ્યા પર
ગોઠવાયો.
સોહિણીની અનુભવી આંખોએ આ પ્રક્રિયા નિહાળી. બોલી કાંઈ નહી. રાતના સંજના મોડેથી
આવી ત્યારે તે જાગતી હતી.
'મમ્મી તું કેમ હજુ જાગે છે ?'
''બેટા જુવાન દિકરી રાતના ઘરે ન આવે ત્યાં સુધી તેની મા કેવી રીતે સૂઈ શકે'
'સારું હવે હું ઘરે આવી ગઈ છું , તું સૂઈ જા'. કહી સંજના પોતાના રુમમાં ગઈ.
સવારે સંજના માને સુહાસ વિશે જણાવી રહી હતી. માએ એટલુંજ કહ્યું, 'બેટા એનો વ્યવસાય
શું છે, જરા ચોક્કસ કરજે'.
સંજના ચોંકી ઊઠી, માની વાત તેને અલગ લાગી. સુહાસ મળતો ત્યારે તેના વ્યવસાયની વાત
કાઢતી. સુહાસે ગલ્લા તલ્લાં કરવા માંડ્યા.
'અરે યાર પૈસા સારા મળે છે. લગ્ન પછી નવું તારું ગમતું સરસ ઘર લઈશું'.
સારું હતું, હજુ સંજના એટલી નજીક સરી ન હતી. ચેતી ગઈ. ધીરે ધીરે જાણવા મળ્યું, સુહાસ
માલની હેરાફેરી, દાણચોરી અને ડ્રગ્સનો ધંધો કરે છે !

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO:153

વિષય:'માન સન્માન' શીર્ષક:'હું માણસ છુ.'

પ્રકાર:પધ્ય. શબ્દો: ૧૭૩

લેખક નું નામ: જિતેન્દ્ર શાહ.

હું માણસ છું.....
મારાં થી મોટાંઓ ને માન-સન્માન આપવાં વાળો હું માણસ છું.
મારાં થી નાનાંઓ મને માન-સન્માન આપે તેવી ઈચ્છાં રાખવાં વાળો હું માણસ છું. મારે સૌથી હળીમળીને માન-સન્માન થી એકબીજાં ની સાથે રહેવું છે,હું માણસ છું,
છળ કપટ મને કદી ફાવે નહીં ,કોઈ કરે તો હું ચલાવી લઉં નહીં,હું માણસ છું.
પાડી પરસેવો કરી છે મહેનત,આરામ મને ફાવે નહીં,નશીબે હીંચકા નથી ઝુલ્યાં, માન-સન્માન થી કદી નથી ફુલ્યાં, હું માણસ છું.
સૂરજ ની જરુર કદી પડી નથી, હું ફાનસ છું,
ચાંદ નું અજવાળું મને વધુ પ્રિય હું માણસ છું.
કાયમ માંગી ને માની છે સલાહ- સૂચન વડીલો ની માન-સન્માન ની સાથે,તેમનાં આશીર્વચન થી હું માણસ છું.
ફોઈ,બહેન,દિકરી નું પિયર છે મારું ઘર,
ત્રણે પામે એકસરખું માન-સન્માન હું માણસ છું.
મા કરે દિકરી નાં ઘર માં ચંચુપાત, તે મારાં વિચારો થી ચાલે નહીં,દિકરી મારાં ઘરમાં કરે ચંચુપાત તે મારાં ઘર માં હાલે નહીં.
હોદ્દા પ્રમાણે આપે માન-સન્માન અને મેળવે માન-સન્માન એ આ ઘરનો ચીલો છે,
સાત પેઢી થી ચાલી આવતો આ ઘર નો સીલસીલો છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No: 151

વિષય - માન-સન્માન.

પ્રકાર - પદ્ય (ગઝલ)

શીર્ષક - ફરજ છે.

માન-સન્માન આપવાની ફરજ છે,
વ્યાજને મુળગી રકમનું કરજ છે.

આપણું કામ હોય તો યાદ કરશે,
યાદ કરનારને તમારી ગરજ છે.

ચાલબાજો અનેકને છેતરે છે,
ચોરની ચાર આંખ જેવું મગજ છે.

રોફ રુઆબ સાવ કડકો કરે છે,
તાયફાબાજના મગજની ઉપજ છે.

હાસ્ય-ગુલાલ, મોજ-મસ્તી ગમે છે,
મન ભરીને હસી પડે તે સહજ છે.

અનિલ દવે. ("અનુ")

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO. 0059

વિષય; શબ્દ: ★માન- સન્માન★

પ્રકાર: લેખ- શબ્દો ૩૪૭.

શીર્ષક ★આપણું ગુડવીલ★

લેખક:શ્ર? જયકાન્ત ઘેલાણી

★પ્યારે★

જે, આપે,અન્યને સરખુ માન,
પ્યારે 'તેજ,મેળવે,બમણુ સન્માન.

ફકત બેજ અક્ષરનો શબ્દ,
★માન★ છે, તો, ★સન્માન★ ફકત સાડાત્રણ અક્ષરનોજ !
છતાં,વિશ્ર્વના તમામ મનુષ્યની દોટ માન સન્માન મેળવવા ભણીજ ? ખરૂને ?
:આ છે, ફકત બે નાના શબ્દો ની ગજબની અલૌકિક તાકાત !

માન- સન્માન ની તાકાત દસ હજાર હોર્સપાવર ના ફોર્સથી. પણ વધૂછે, તે માપવી પણ અશક્ય ! ન કોઈ માપવાનુ મીટર ?

રોટલી ઉપર ★ઘી★ લગાડવાથી, અને કોઈના નામ પાછળ ★જી★
લગાડવાથી બન્ને ની ઈજ્જત માં
અસાધારણ વધારો દેખાયછે તેમજ દરેક વ્યકિત ને માન આપવાથી, આપનાર અને લેનારની ઈજ્જત માં અસાધારણ
વધારો નઝરે પડેછે.
દેનાર ખૂશ તો લેનાર વધુ ખૂશ !

★માન એક એવી કરન્સી છે,★ જે યોગ્ય સ્થાને વાપરવાથી, આપણી પાસે બમણી થઈને જ આવેછે, માટે જરાપણ લોભ કર્યા વગર બીનદાસ્ત ખૂલ્લા મને, ચોવીસ કલાક દરેકને માન સ્વમાન આપતાજ રહો,

આપણા ભારતદેશનો પરંપરાગત, માન સન્માન આપવાનો સંસ્કાર
વારસો જ સમસ્ત વિશ્ર્વને શીખવેછે......

★અતિથિ દેવો ભવ:★

કદાચ આપણા મૃત્યુ બાદ
ધન,દૌલત ન મૂકી જઈએ તો તેનો જરા પણ અફસોસ કરશો નહીં
★પણ★
આપણા જીવન દરમ્યાન દરેક વ્યકિતને માન સન્માન આપવાનું તો કદી ચૂકશો નહિ , કારણ..,

★પ્યારે , લોક હ્યદયમાં, સાચો વારસો તો આપણો માયાળુ સ્વભાવ જ રહેશે★.

વિશ્ર્વ ના લોક લાડિલા ★વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી પણ, દરેક વ્યકિત તેમજ દેશને, યથા યોગ્ય માન સન્માન આપી, આપણી ★વસૂધૈવ કુટુમ્બકમૃ★ ની ભાવનાને વધુ ઊજાગર કરીજ રહ્યાછે ને ?

દરેક સાથે સૌજન્ય ભર્યો
વ્યવહાર રાખો, અને શીખો,
નિકટ રહેતી દરેક વ્યકિત સાથે ઊતમ વ્યવહાર રાખવાની
શરૂઆત તો ★પોતે જ કરવી પડશે, ★શૂભષ્ય શિઘ્રમ★!

જૈનધર્મના યુગપુરૂષ, આત્મધર્મના ઉપાસક
★સદગુરૂ શ્રીમદ રાજચંદ્રજી★ એ તેના ઉપદેશમાં સચોટ લખ્યું છે કે,

★જીવનમા ★માન★ જેવુ ન હોત
તો ★અહીજ મોક્ષ હોત★!

માનવજીવનમા માન સન્માન
પ્રગતિ નુ પથ દર્શકછે, ★તો માન★,

★આત્મલક્ષ માટે બાધકરૂપ છે★.

શ્ર?જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

★★★★★★★★★★★★★★★★★

Nog se 0038

વિષય.. માન સન્માન

વિભાગ.. પદ્ય

---

-

સન્માન એનું હંમેશા કરજે ,
જેણે તારે કાજે જાત બાળી છે.

હાથ પકડી એનો સહારો તું બનજે,
જેણે રાતપાળી કરી નીંદર ને ભગાડી છે.


મમતા ભરી એ આંખ ને ઠંડક આપજે,
જેણે તને આ દુનિયા દેખાડી છે.

માન સન્માન એનું જાળવી રાખજે,
જેણે તારા માટે ઈચ્છાઓ સુવાડી છે.

માવતરના એ વ્હાલ ને યાદ તું રાખજે,
જેણે તારે કાજે વેદનાને સંતાડી છે.

શીલાપટેલ "આકાંક્ષા"

# પુસ્તક પરિચય




પુસ્તકનું નામ : દિવાસ્વપ્ન

લેખક:ગિજુભાઈ બધેકા

ગુજરાતી બાળકોના પ્રથમ હિતચિંતક ગિજુભાઈ બધેકાનો જન્મ ૧૫-૧૧-૧૮૮૫ અને ,મૃત્યુ ૨૩-૬-૧૯૩૯ થયેલ છે. ભાવનગર જિલ્લાના વલભીપુર(વળા)ના વતની છે. ગિજુભાઈ વ્યવસાય અર્થે આફ્રિકા ગયા, પાછા આવી કાયદો ભણી વકીલ બન્યા. વઢવાણમાં વકીલાત કરતા હતા. પરંતુ દીકરાના જન્મ પછી દિકરાને યોગ્ય ઉછેર, શિક્ષણ અને સંસ્કાર માટેની ચિંતાઓ કરતાં કરતાં માદામ મૉન્ટેસોરીનું, બાળકેળવણીનો નવો માનવીય અભિગમ ધરાવતું, પુસ્તક વાચ્યું. અને ૧૯૧૫ સુધીમાં તો વકીલાત છોડીને ભાવનગરની દક્ષિણામૂર્તિ શિક્ષણસંસ્થામાં જોડાયા. બસ, ત્યારથી માર-ભાર વિનાના ભણતરના આગ્રહી ગિજુભાઈ બાળશિક્ષણ અને બાળસાહિત્યના પ્રયોગકાર રહ્યા.

'દિવાસ્વપ્ન' જેવાં શિક્ષણશાસ્ત્રનાં અનેક પુસ્તકો ઉપરાંત વિપુલ બાળસાહિત્ય લખ્યું અને લખાવ્યું, જેમાં સમાવિષ્ટ છે. બાળસાહિત્યમાળા (૮૦ પુસ્તિકા), બાળસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તિકા), બાળસાહિત્ય વાટિકા (૩૨ પુસ્તિકા). પછીથી સમગ્ર ગુજરાતી બાળસાહિત્ય એમણે કંડારેલી કેડી પર ચાલ્યું. એમણે સ્થાપેલા શિક્ષણસિદ્ધાંતો આજે સર્વસ્વીકાર્ય બન્યા છે. ગુજરાત આખું ગિજુભાઈને કેળવણીકાર તરીકે ઓળખે છે. શિક્ષણમાં પ્રયોગનું મહત્ત્વ વધુ છે.

દિવાસ્વપ્ન"ની પ્રથમ આવૃત્તિ ૧૯૬૨માં થયેલ છે. સંસ્કાર સાહિત્ય મંદિરમાંથી પ્રકાશિત છે અને હજુ સુધી પ્રકાશિત થાય છે એનો અર્થ એ કે, 'દિવાસ્વપ્ન' શિક્ષણની ગુણવત્તા સુધારવામાં આ પુસ્તક નિમિત્ત બનેલ છે. પ્રકાશકનું માનવું છે કે, ગિજુભાઈ બધેકાના, શિક્ષણજગતના અનુભવોની ફળદ્રુપ ભૂમિમાં પાંગરેલાં પ્રયોગપુષ્પો એટલે 'દિવાસ્વપ્ન'. દિવાસ્વપ્નનું મૂળ વાસ્તવિક અનુભવ હોય તો તે મિથ્યા નથી જતા. આ દિવાસ્વપ્ન મારા જીવંત અનુભવોમાંથી ઊપજ્યું છે, અને મારી ખાતરી છે કે પ્રાણવાન ક્રિયાપ્રધાન કલ્પક શિક્ષકો પોતાને માટે પણ તે વાસ્તવિક કરી શકશે.

ગુજરાતના બાલશિક્ષણને આ પુસ્તકે નવો અવતાર આપ્યો છે. બીજી આવૃત્તિ સમયે ગિજુભાઈ એ " 'દિવાસ્વપ્ન' નવો રાજમાર્ગ દર્શાવતું તેજ પાથરશે એવી માન્યતા હોવાથી તેને ફરીથી પ્રસિદ્ધ કર્યું છે."

ગિજુભાઈને કોઈએ કહ્યું કે 'ભારેખમ તાત્ત્વિક લેખોને બદલે વાર્તારૂપ શૈલીમાં શિક્ષણના વિચારોને લખો' તો ! મને પ્રયત્ન કરવાની પ્રેરણા મળી અને ફળ રૂપે આ 'દિવાસ્વપ્ન' આવ્યું.

તેમણે ૧૦૬ પાનમાં સમાયેલ અને ચાર ખંડ માં વિભાજીત દિવાસ્વપ્ન બાળકોની રસ, રૂચી થી લઈને કેળવણી સુધીની કેડીને સમાવવી એ ખરેખર એક સાચા કેળવણીકારનું જ કાર્ય છે. અને આ ઉત્તમ કાર્ય ગિજુભાઈએ શિક્ષણમાં અને સાહિત્યમાં સતત વિકસતી અને વિસ્તરતી પ્રવૃત્તિઓ કરી છે. વિદ્યાર્થી અને શિક્ષકનો સંબંધ, ભણતરનો ભાર વગેરે જોઈ શકાય છે. ૭ થી ૧૪ વર્ષના બાળકોને પ્રયોગની શરૂઆત વાર્તારૂપે થયેલ છે.

પ્રવેશક સંદર્ભે હરભાઈ ત્રિવેદી નું કહેવું છે. કે, 'તેમણે શિક્ષણશાસ્ત્ર ઉપર લખ્યું છે, પણ તેમના લખાણનો પ્રાથમિક શિક્ષણના પ્રદેશ પુરતો નિચોડ આપવાનો જો કોઈ રસિક અને સુંદર પ્રયત્ન આજ દિવસ સુધી થયો હોય તો તે તેમનું આ 'દિવાસ્વપ્ન' છે.' 'આ પુસ્તકનું નામ ગિજુભાઈએ 'દિવાસ્વપ્ન' રાખ્યું છે, એ નામનો અર્થ તો એટલો છે કે આ પુસ્તકમાં જે જે વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે બધુંય આજના પ્રાથમિક શાળાના શિક્ષકનું દિવાસ્વપ્ન બને.'

**ભારતી વાઘેલા..**

# હંમેશા ખુશ રહો મસ્ત રહો

ધોરણ પાંચ સુધી સ્લેટ ચાટવાથી
★કેલ્શિયમની ઉણપ પૂરી કરવી★
એ અમારી કાયમી ટેવ હતી..!
★અને ભણવાનો તણાવ ?પેન્સિલનો પાછલો હિસ્સો ચાવી ચાવીને★
તણાવમુક્ત થઈ જતા હતા..!
અને હા ...
ચોપડીઓની વચ્ચે
★વિદ્યાના ઝાડનું ડાળું અને મોરના પીંછાંને મૂકવાથી અમે હોંશિયાર થઈ જઈશું★
એવી દૃઢ માન્યતા હતી..!
અને
★કપડાના થેલામાં ચોપડા ગોઠવવા એ અમારું આગવું કૌશલ્ય હતું.★
ચોપડા ગોઠવવા એ જ
એ ★જમાનામાં હુન્નર મનાતું હતું.★
અને ..
ચોપડાઓ ઉપર ★પૂંઠા ચડાવવા એ અમારા જીવનનો વાર્ષિક ઉત્સવ હતો★ ?...
અને માતા-પિતાને
અમારા ભણતરની તો
★કોઈ ફિકર કે ચિંતા જ નહોતી.★
વર્ષોના વર્ષ વીતી જતા
છતાં અમારા માતા-પિતાના
પાવન પગલાં ક્યારેય
★અમારી સ્કૂલ તરફ પડતા ન હતાં.★
અને અમારા દોસ્તો મજાના હતા.
જ્યારે
★સાયકલ લઈને જતા હતા ત્યારે એકને ડંડા પર અને બીજાને કેરિયર પર બેસાડતા★
અમે કેટલીયે મંઝિલો ખેડી હશે,
એ અમને યાદ નથી ...
પરંતુ
થોડી થોડી બસ ★અસ્પષ્ટ યાદો અમારી સ્મૃતિ પટલ પર છે...!★

એ જમાનામાં
★ટેલિવિઝન નવાનવા આવ્યા હતા.★
કોઈક કોઈકના ઘરે જ ટેલિવિઝન હતા.
★જોવા જઈએ તો ક્યારેક ક્યારેક અમને કાઢી મૂકવામાં પણ આવતા.★
છતાં અમને ક્યારેય
★અપમાન જેવું લાગતું ન હતું★
નિશાળમાં
★શિક્ષકનો માર ખાતા કે અંગૂઠા પકડતા ક્યારેય શરમ કે સંકોચ★ નથી અનુભવ્યો કારણ કે ....
તે વખતે ક્યારેય
★અમારો "ઈગો" હર્ટ નહોતો થતો.★
કારણ કે ...
અમને ખબર જ નહોતી કે
★ઈગો કઈ બલાનું★ નામ છે ?
★માર ખાવો એ અમારા જીવનની દૈનિક સહજ પ્રક્રિયા★ નો ભાગ જ હતો...!
★મારવાવાળો અને માર ખાવાવાળો..બંને ખુશ થતા હતા★
કારણ કે ..
એકને એમ હતું
કે ★ઓછો માર ખાધો★ ..
અને બીજાને એમ થતું હતું
કે
★અમારો હાથ સાફ થઈ ગયો★..!
આમ બંને ખુશ...!
અમે ક્યારેય
અમારા ★મમ્મી પપ્પા કે ભાઈ-બહેન ને એવું ન બતાવી શક્યા કે ...અમે તેમને કેટલો પ્રેમ કરીએ છીએ.★
આજે અમે
★દુનિયાના ઉતાર-ચઢાવનો હિસ્સો બની ચૂક્યા છીએ★
અમે
★જે જીવન જીવીને આવ્યા છીએ, તેની સામે★
હાલનું જીવન કાંઈ જ નથી.

અમે ★સારા હતા કે ખરાબ★....
એ ખબર નથી
પણ...
અમારો ★પરિવાર અને અમારા મિત્રો એક સાથે હતા★
એ જ મહત્વનું હતું...!અને એ જે ★આનંદ દિવસનો ભાથું આજે પણ અમારી ઈમ્યુનીટી વધારી★ આપે છે....?

# સમસ્ત મહાજન દ્વારા પાલિતાણા ખાતે ત્રણ દિવસનાં "વૈશ્વિક અહિંસા મેગા સંમેલન" નું આયોજન



વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઇ શાહ જે ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય છે તેઓ વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.

સમસ્ત મહાજન દ્વારા પાલીતાણા ખાતે ત્રણ દિવસનાં "વૈશ્વિક અહિંસા મેગા સંમેલન" નું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસનાં કાર્યક્રમમાં સફાઈ અભિયાન, સ્નેહમિલન સંમેલન, ગુજરાતનાં એક આદર્શ ગામ હાણોલ, પાલીતાણાની મુલાકાત, સમસ્ત મહાજન દ્વારા ગ્રામીણ ક્ષેત્રમાં કરવામાં આવતા વિકાસ કાર્યોનું અવલોકન, સાંસ્કૃતિક કાર્યક્રમ, આચાર્ય ભગવંતજીનાં આશિર્વચન, સમસ્ત મહાજનનાં પદાધિકારીઓ, કાર્યકર્તા સમિતિ, સલાહકાર બોર્ડની સમીક્ષા બેઠક વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ગુરુઆશ્રમ, બગદાણાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રેષ્ઠી વર્ય શ્રી મનજીદાદા મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. આ "વૈશ્વિક અહિંસા મેગા સંમેલન"માં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા—પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક—સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેકટીકલ અને દ્દષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરાશે. આ સંમેલનમાં સાધુ-સંતો તેમજ દેશના જાહેર જીવનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. પ્રવાસ દરમ્યાન રાજસ્થાનના મેવાડની જોવા લાયક, અભ્યાસ લાયક ગૌશાળાઓ—પાંજરાપોળોની મુલાકાતો લેવાશે, પ્રત્યક્ષ માર્ગદર્શન અપાશે.



કુદરતી આફત બીપરજોય વાવાઝોડાની પરિસ્થિતિને લઈને નાગરિકોની સલામતી અને સુવ્યવસ્થા માટે ગાંધીનગર મહાનગરપાલિકા સજ્જ છે. સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઈને મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ લોકોની સલામતીની સાથે સાથે અબોલ પશુઓની પણ ચિંતા કરીને ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોર ડબ્બાની સેકટર-૩૦ ખાતે અચાનક મુલાકાત લીધી હતી. આ દરમ્યાન મેયરશ્રી એ આવનારી સંભવિત આફત માટે તમામ સ્ટાફને સતત એલર્ટ રહેવા સૂચના આપી હતી તેમજ તમામ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. આ મુલાકાત દરમ્યાન મ્યુ. કમિશનરશ્રી જે.એન.વાઘેલા, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠવા, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 'અમે ખાતમુહૂર્ત કરીએ, અમે લોકાર્પણ કરીએ' તેવી મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારનાં બોલતા પુરાવારૂપે વારંવાર બ્રિજો તૂટી રહ્યા છે તે પણ એક સિદ્ધિ છેઃ ઉદ્ઘાટન પહેલા તાપીનો બ્રીજ તૂટી પડ્યો

ગુજરાતમાં બ્રિજ તૂટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતના અનેક નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે. તેમ છતાં ભાજપ સરકારના માર્ગ મકાન વિભાગ સહીત ભાજપ શાસિત કોર્પોરેશનનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, મહેસાણા, સહિતના જિલ્લામાં બ્રિજ તૂટવાની ઘટનાની સાથે ઉદ્ઘાટન પહેલા જ તાપીમાં ધરાશાયી થયેલ બ્રીજની તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા ડિપાર્ટમેન્ટનાં કન્વિનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતના તાપી જિલ્લાના વ્યારા તાલુકાના માયપુર અને દેગામા ગામને જોડતો પુલ તૂટી પડવાની ઘટના બની છે ત્યારે રાજ્યમાં વારંવાર પુલ તૂટી પડવાની ઘટનાઓ ક્યારે બંધ થશે? વ્યારાના પુલ ધરાશાયી થવાથી આજુબાજુના ૧૫ જેટલા ગામો પ્રભાવિત થયા છે. ભાજપ સરકારના ''ભ્રષ્ટાચારી મોડલ'' થી ગુજરાતના સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહ્યા છે. થોડા સમય પહેલા મોરબી શહેરમાં ઝૂલતો પુલ દુર્ઘટનાગ્રસ્ત થવા અને લગભગ ૨૦૦ જેટલા લોકોના થયેલ અકાળે મૃત્યુ પામ્યા હતા. ભ્રષ્ટ અધિકારીઓ, ભાજપના મળતિયા કોન્ટ્રકટરોની મિલીભગત સામે કડક પગલાં ક્યારે લેવામાં આવશે? ગુજરાતમાં જુદા જુદા જિલ્લાઓમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટનાઓમાં ગુનાહિત બેદરકારી આચરનારા જવાબદાર અધિકારી, પદાધિકારી અને કોન્ટ્રાક્ટર પર ભાજપ સરકારના આશીર્વાદ હોવાને કારણે કોઈ નક્કર પગલાં ભરવામાં આવતાં નથી. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. લોકોની સલામતી અને સુખાકારીએ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ પરતું ભાજપ સરકાર માત્રને માત્ર જાહેરાતો-ઉત્સવો અને તાયફામાં વ્યસ્ત છે. ભાજપ સરકારે ભ્રષ્ટાચારને શિષ્ટાચાર બનાવી દીધો છે. 'અમે ખાતમુહૂર્ત કરીએ, અમે લોકાર્પણ કરીએ' તેવી મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનાં ભ્રષ્ટાચારનાં બોલતા પુરાવારૂપે વારંવાર બ્રિજો તૂટી રહ્યા છે તે પણ એક સિદ્ધિ છે.

નાગરીકોની જાન અને સંપત્તિના નુકસાન થાય ત્યારે જ સરકાર સફાળી જાગે અને સબ સલામતના નારા લગાવે એ કેટલે અંશે યોગ્ય? પુલ-બ્રીજ ધસી-તૂટી પડવાની ઘટના રોકાવાનું નામ લેતી નથી જે રાજ્ય માટે ખુબ ચિંતાજનક બાબત છે. ચૂંટણીમાં કરોડો રૂપિયા ફંડ આપનાર મળતિયા કંપનીઓને બ્રિજ બાંધકામ સહિત કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટની લ્હાણી કરતી ભાજપ સરકાર બ્રિજ અકસ્માત / દુર્ઘટના મુદ્દે મૌન કેમ છે? બ્રિજનું બાંધકામ કરનાર માત્ર એક જ કંપનીએ કરોડો રૂપિયા ચૂંટણી ફંડ સત્તાવાર આપ્યું છે. અન્ય કંપનીઓની લેતી દેતી તો કરોડો રૂપિયા પહોંચી જાય છે. રાજ્યમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટના બાદ પણ ભાજપ સરકાર જવાબદાર અધિકારી, કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવામાં આડા કાન કરે છે. ગુજરાતમાં વારંવાર તુટતા બ્રીજો જેમ કે, હાટકેશ્વર બ્રીજ, મુમતપુરા બ્રીજ, સુરત, મોરબી, રાજકોટ, સહિતના પુલોના ભ્રષ્ટાચાર માટે કોણ કોણ સંડોવાયેલા છે? ક્યાં માથાઓએ ભ્રષ્ટાચાર કર્યો છે? તેનો જવાબ ગુજરાતની જનતા જાણવા માંગે છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચૂંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતના નાગરિકોનાં જીવ કેમ વારંવાર જોખમમાં મૂકી રહી છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે ગુજરાતમાં સતત વધી રહેલા બ્રિજ અકસ્માત / બાંધકામ તૂટવાની ઘટનાઓમાં થયેલી ગુનાહિત બેદરકારી માટે જવાબદાર અધિકારી-પદાધિકારીઓ, કોન્ટ્રાક્ટર સામે તાત્કાલીક તટસ્થ તપાસ કરવામાં આવે અને નક્કર પગલા ભરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

## અમૃતકાળમાં ભવિષ્યનો મહોત્સવ - શાળા પ્રવેશોત્સવ"

સમગ્ર ગુજરાતમાં ૨૦માં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે "કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૩" અંતર્ગત ગાંધીનગરની બોરીજ, બોરીજ નવાપરા, સેકટર-૨, સેકટર-૩ તેમજ સેકટર-૬ની પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવતા નાના ભૂલકાઓને શૈક્ષણિક કીટનું



વિતરણ કર્યું અને મા સરસ્વતીના શિક્ષામંદિરમાં પ્રવેશ કરાવ્યો. આ અવસરે આંગણવાડીમાં પ્રવેશ મેળવતી મા શકિતનું સ્વરૂપ બાલિકાઓના કંકુ પગલાં કરવામાં આવ્યા. આ દરમિયાન કાઉન્સિલરશ્રીઓ, શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ, વાલીઓ તથા મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રેરણા જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ ની મહિલાઓ દ્વારા મહિલાઓ આત્મનિર્ભર બને એ માટે ગણેશ પુરા કોઠ ખાતે વર્કશોપ યોજાયો




ગણેશ પુરા કોઠ ખાતે પ્રેરણા જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રીમતી રંજનબા ગોહિલ અને મહિલા વીગં દ્વારા ગામ ની સવૅ સમાજ ની મહિલાઓ આત્મનિર્ભર બને અને પરિવાર અને સમાજ મા માનભેર જીવન ગુજારી શકે એ હેતુ થી રાખડી અને બોરીયા બનાવા માટે નો વર્કશોપ યોજાયો જેમા ગામની મહિલાઓએ મોટી સંખ્યા ભાગ લીધો હતો આ કાર્યક્રમ મા સ્વીટુ બેન મહેતા .પ્રતિક્ષાબા ચૌહાણ. મીનાબા ચૌહાણ. ક?પાબેને હાજર રહ્યા આયોજન બદલ શ્રી અજીતસિંહ ચૌહાણ પ્રેરણા ચેરીટેબલ ટ્રસ્ટ ના આગેવાને સૌને અંભિનંદન આપી આભાર વ્યક્ત કયો હતો

# જાતિ જનજાતિ અનુસૂચિત, આદિવાસીના અધિકાર

ooooo

દિપક પટેલ,
શિક્ષણ પ્રહરી, આરટીઆઇ કાર્યકર્તા.

ooooo

શબરીના એઠ્ઠાં બોર ખાધાં એ પુરુષોત્તમ કહેવાયા, વિદુરની ભાજી ખાધી એ જગન્નાથ.

તાજેતરમાં ટીવી પર જોયું વિદેશમંત્રી જયશંકર સુબ્રમણ્યમ એક દલિત સુજાતાને ઘેર યુપીના વારાસણી ગયાં પછી જી૨૦ બેઠકમાં વિકાસ મંત્રીઓ સાથે ભાગ લેવા પહોંચી ગયા.

આપણાં વડાપ્રધાને અનેક ચરણપુજન કર્યાં હતાં તે પણ જોયું હતું.

હરિજન આશ્રમની હરાજી અને ગાંધી આશ્રમની રૂહ કાંપી રહી છે.

વિકાસને નામે વંચિતો વધેરાય એ
કેમ શોભે કે સહેવાય.

સૌનો સાથ સૌનો વિકાસ.પ્રયાસો સારા છે. કામ હજુ અધૂરાં છે.

હું મારાં શિક્ષક અને આરટીઆઇ કાર્યકર્તા મિત્રો સાથે સરદાર સરોવર ડેમ નિર્માણ થયો. વિશ્વ ઉંચી સરદાર પ્રતિમા પણ જોવાં ગયો હતો.
ભવ્ય દર્શન.
રસ્તે એક ધાબા ઉપર રોકાયો ત્યાં ડેમમાં જમીન ડૂબી એવા વિસ્થાપિત પરિવારને ચૂપચાપ ચિંથરેહાલ ધાબા ઉપર વાસણ માંજતા જોયાં.

વિચાર આવ્યો કે આદિવાસીદિનની ઉજવણી કરીએ છીએ, એમની દીનતા કેમ ઓછી થતી નથી.

હમણાં સૂરતમાં ઝૂંપડપટ્ટી પુનઃવસન વેળા એક આક્રોશિત બહેને એક અધિકારીનું માથું ફોડી નાખ્યું હતું.

મિત્રો હું વકીલ નથી. કાયદાનો કા કે કાયદાની કલમનો ક.મારો વિષય નથી.

એટલું સમજી શકાય છે કે ૧૯૮૯,૨૦૦૫,૨૦૦૭, અવારનવાર સમાજના વિવિધ વર્ગ,સામાજિક, અનુસૂચિત જાતિગત જનસમુદાય, આદિવાસી,વનવાસીના કલ્યાણ, સુરક્ષા, ઉત્થાન માટે કાયદા બનેલાં. ૨૦૧૩માં યું.એન.ડી.પી અને ભારત સરકારે સૌને માટે ન્યાય, ન્યાય પરિષદ યોજી હતી.

સામાજિક સમરસતા, સન્માન ની વાતો વચ્ચે બે દીવસ પહેલાં અરવલ્લી મોડાસામાં એક પછાત દલિત દાલબાટી લેવાં ગયો અને એની હત્યાંના સમાચાર જોવા મળ્યા.

દાળબાટી,રોટલાની રકઝકમાં ૨૦૨૩માં કોઈનો જીવ હણાય છે.

એવું સાંભળ્યું છે કે જેમની પાસે રહેવાનું ઘર નથી એમને સરકાર ઘર આપે છે, ઘર માટે જમીન આપે છે.

આદિવાસીઓની ઝોપડી વસવાટ એ જંગલ. પથારી એ જમીન, ઓછાડ એ આકાશ.

જલ જમીન જંગલ જેણે બચાવ્યાં, એ આદિવાસીઓને બચાવો.

હમણાં જ ભૂખ્યાને ભોજન કરાવવું એ માટે સેવાસંસ્થા મંડળ બનાવવું. એમાંય મારામારી, હુમલા ઘાયલ.
દિલ દ્રવી ઉઠે છે.

ક્યાં પહોંચી ગયા છીએ આપણે?

કોઈ કહે છે કે એટ્રોસીટી એકટનો દુરપયોગ થાય છે.

માનવધર્મ, માનવ ગૌરવ ક્યાં છે?

કેમ કોઈ અમીર ધર્મ પરિવર્તન કરતો નથી? ધરમનતરન સામાજિક સમરસ પતન. કાયદા નહીં સમજ સમાનતા સૌને સમાન ન્યાય જરૂરી છે.

આઝાદીને ૭૫ વર્ષ થયાં.
લોકોને પોતાના ફાર્મ હાઉસમાં જંગલ જેવું વાતાવરણ ગમે છે અને જંગલ કે જંગલવાસી ?

બેન દીકરીઓ બાળકો શહેરમાં એડવાન્સ છતાં કુપોષિત, છેવાડાના જંગલમાં કેવું હશે?

જો આપણે કોઈ નેતા વિશે, એમની જાતિ વિશે અપમાનીત ભાષામાં બોલીએ તો જેલ હવાલે. તો પછી જાતિ જનજાતિ અનુસૂચિત જાતિ જનજાતિ આદિવાસી,વનવાસી વિશે ખરાબ વિચારવું, ઈચ્છવું ઉચિત છે?

જેમ ધર્મ એ જ રીતે જાતિ, એજ રીતે પ્રાંત અને વસવાટ આધારે કોઈ ભેદ ઊભો કરીએ એ માનવને ના શોભે.

આપણે રામ કૃષ્ણ જેવા મહામાનવ ના બની શકીએ તો ઠીક માનવ બનીએ તો ભયો ભયો.

વેઠ,આભડછેટ, તિરસ્કાર, હેરાન અપમાનીત થવું આપણને નથી ગમતું. તો એ વિકાસથી વંચિત રહી ગયા છે એમને ગમશે ખરું ?
સરકારે આશ્રમશાળાઓ અને સંતોએ જંગલમાં ગુરુકુળ સ્થાપ્યાં છે. એના દાતા અપાર છે.
મિશનરી સ્કુલ, તાલીમ કેન્દ્ર ટેકનિકલ શિક્ષણ આપતી આઈટીઆઈ, બુનિયાદી શિક્ષણ આપતી શાળાઓ ઉચ્ચવર્ગ અને સરકારનો સાથ સહકાર માગે છે.

આજે ઉચ્ચ જ્ઞાતિમાં દીકરીઓ અછત છે, લોકો ખૂણે ખૂણે જંગલ જંગલ રખડે છે.

બધાંને પોતાના વારસ જોઈએ છે.

આદિવાસી, જનજાતિ, અનુસૂચિત જનજાતિનો વારસો કોણ બચાવશે?

દિપક પટેલ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.